સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ખોખલું છે પણ થાય છે ખૂંખાર એ નમતું નથી,
ભારતથી સુમેળ સધાય એ એને ગમતું નથી
રમતું નથી એ કદી ચીનને પૂછવા વિના રમત -
નાપાક સેનાને સરકાર સાથે જ બનતું નથી..

હાઈકુ

બોગલ બીલે,
લૂંટી લીધી તિજોરી -
રક્ષકો એ જ.
(સાંસદોનું LTC કૌભાંડ)

મૈત્રીનો હાથ -
હસતાં-હસતાં જ
લે છે ભીંસમાં..
(સરહદનું ઉલ્લંઘન)

ચિંતન

મુખેન નો દ્ગિરત્યર્ધ્વ હૃદયેન યાત્યધઃ । જરયત્યન્તરે સાધુર્દોષં વિષ ભિવેશ્વરઃ ॥

'જેમ ભગવાન મહાદેવ શંકર, સમુદ્ર મંથનમાંથી નિકળેલા ઝેરને પોતાના કંઠમાં જ સ્થિર કરી (અટકાવી) રાખ્યું છે એટલે કે એ ઝેર વિષ બહાર પર કાઢતા નથી કે પેટમાં પણ ઉતારતા નથી તેમ સંત હૃદય-સજ્જન લોકો પણ-પારકાના દોષને જાણીને વાણી દ્વારા બહાર બીજાને કંઇ કહેતા નથી કે હૃદયમાં પણ રાખતા નથી માત્ર કંઠમાં સ્થાન આપી મૌન રહે છે.'

ઘર-પરિવારમાં કંકાસનું મૂળ 'ગેરસમજ' અને કોમ્યુનિકેશન ગેપ-અધુરી સમજ-કે સાથે રહેતા માણસોના સ્વભાવ માટેની ગેરસમજથી થાય છે. વળી કેટલાંક કૌટુંબીજનોનો સ્વભાવ એકબીજાના દોષ-ભૂલ-મીઠું-મરચું નાખી વડીલો કે સંબંધીઓ પાસે કરે છે. જેથી સંબંધોમાં તિરાડ પડે છે. આ તિરાડ કેમ વધારે પહોળી થાય એ જોવામાં પણ કેટલાંક શકુનિઓને રસ હોય છે.

આથી કવિ સલાહ આપે છે કોઇની ભૂલ-દુર્ગુણ કોઇને કહેવા નહીં કંઠમાં જ રાખવા હૃદય સુધી જવા જ ન દેવા - શંકર ભગવાને જેમ ઝેર કંઠમાં જ રાખી દીધું હતું તેમ. વાત-વિષ-ઝેર વધતું અટકાવી દેવું જોઇએ.

સુવિચાર

- માણસ સંતોની સભામાં જઇને સત્સંગ પ્રવચનનો લાભ ન લે તો પણ નિતિથી ધંધો કરે, પારકી નિંદા ન કરે, પોતાની બડાઇ ન કરે તો સંતના પ્રવચન જેટલો જ લાભ સાંપડે **- માનસસૂત્ર**
- દુનિયાદારી જો ઉજળી કરવી હોય તો બીજાના સદ્‌ગુણ તમે સ્વીકારી જુઓ, એ માટે તેની પાસે માંગવાની જરૂર નહીં પડે, તમારા ભીંતર જ એક એવી શક્તિ છે જે સદ્‌ગુણનો સ્વીકાર કરાવે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ત્રણ કારણો સર માનવનું પતન થતું હોય છે (૧) દેહની વાસના (૨) ધનની લાલસા (૩) કિર્તીની ઝંખના.. આ ત્રણની પાછળનો મોહ તેને સદાય ડૂબતો જ રાખે છે **- ધર્મસૂત્ર**
- જીવનમાં સાત સ એટલે કે શાંતિ, સંતોષ, સમતા, સદાચાર, સત્ય, સમર્પણ, અને સમાનતા જેવા જીવનમાં જડાયેલા, ઘડાયેલા હોય તેનું જીવન સુખમય ગણાય **- જીવનસૂત્ર**
- જો તમારે જગતને મદદ કરવી હોય તો તમારે મદદની આવશ્યકતાથી પર થવું જોઇએ **- ઠક્કરબાપા**
- પ્રેમ એટલે તમારા આનંદમાં બધાને સહભાગી કરવાની દઢ ઇચ્છા, આનંદિત હોવું, આનંદિત કરવું એ જ જીવન છંદ-લય-તાલ છે **- ઇશોપનિષદ**
- આદત અને પુનરાવર્તનની ઇચ્છાથી યોગી અને ભોગી બંને નિષ્ફળ જાય છે **- ફ્રાઇર વાલેસ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજે તો સ્કૂલો-યુનિવર્સિટીઓ-ટ્યુશન કલાસીસ હાટડી માંડી બેઠા છે. મોટી-તગડી ફીના બદલામાં 'જ્ઞાન' વેચાય છે જે કેવળ પુસ્તકી-માહિતી જ છે, વળી અધ્યાત્મ જ્ઞાનની દુકાનો જેવા આશ્રમો પણ 'દાન' પ્રમાણે શિષ્યનું મહત્ત્વ અને 'જ્ઞાન' આશીર્વાદ પામે છે.

રાજા જનશ્રુતિ પાસે અઢળક સંપત્તિ હતી અને તેનું એને અભિમાન હતું. રાજા એકવાર સાંજે અગાસીમાં (ધાબે) બેઠો હતો ત્યાં બે હંસ ઉડતા વાતો કરતા જતા હતા. એક હંસે કહ્યું, 'જો સમ્રાટ સંપત્તિવાન જનશ્રુતિ નીચે બેઠો છે.' બીજો હંસ કહે, 'એને, સંપત્તિવાન ન કહેવાય, સાચો જ્ઞાન, સમૃદ્ધ તો પેલો 'રૈક્વ, ગાડાવાળો જ છે. રાજાએ આ વાત સાંભળી-રૈક્વ ને શોધ કરાવી.'

રાજા, ધન-સંપત્તિ, ગાયો અને કન્યાને લઇ રૈક્વ પાસે ગયો અને કહ્યું આ સંપત્તિ આપણને ભેટ ધરું છું. મને એના બદલામાં આપની પાસે જે 'જ્ઞાન છે તે આપો.'

રૈક્વ, તે વખતે પોતાના ગાડાના છાંયડામાં, ગાડાં નીચે સૂતા હતા. એણે કહ્યું રાજન! મને તારી આ સમૃદ્ધિની કંઇ જ ખપ નથી, મારી પાસે સંતોષ ધન છે. વળી તને ધનનું અભિમાન છે. તારું હૃદય મદથી ભરેલું છે. હૃદય ખાલી હોય-નિર્મળ-નિખાલસ તો જ ત્યાં જ્ઞાન રહે.

રાજાની આંખ ઉઘડી-રૈક્વને પગ પડી રડ્યો. ક્ષમા માગી-રૈક્વે રાજાને શિષ્ય બનાવ્યો અને પછી જ્ઞાન આપ્યું. રાજા રાજપાટ છોડી રૈક્વની સેવામાં જ રહ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

લોકોમાં સુધારો આવ્યો છે, શિક્ષણ વધ્યું છે પણ કંઈક ખૂટે છે તે શું છે ?

શબ્દ સમીપે

નટવર હેડાઉ

સંસ્કાર ઘડતરની વાત આવે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં વસતાં અને કૃષિ વ્યવસાય કરતા એવા અદના માનવીઓમાં પડેલ માનવતાની જે સંસ્કાર મૂકી છે તે કઇ રીતે બહાર આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ જોવું હોય તો તેમના જીવન પ્રસંગો અને ઘટનાઓ ડોકીયું કરી જોવું જોઇએ. ખુબ જ મહેનતુ અને પરિશ્રમી એવા લોકોમાં પડેત માટીની મહેંકની પામવા માટે તેમની નજીક જવું પડે અને તેમને પોતાના સંસ્કારોની આ મુડી સમાજ સમક્ષ પ્રસ્તુત કરવા ઉશ્કેરવા પડે.

આવું કામ ક્યારેક અનાયાસે થઇ જાય ત્યારે તેનાં જે સુંદર પરિમઆમો આપણી સમક્ષ પ્રસ્તુત થાય છે ત્યારે અહોભાવ પ્રગટ થયા વિના રહેતા નથી અને તે આલેખનાર ખુદ કહે છે કે આમાં જ જીવનનું નર્યું નિદાન છે. ગામડાના ખેડૂતો આવા નિદાનમાં ભારે માહેર હતા. કાર્લ માર્ક્સ જેની વાત કરે છે તે તો આપણા જીવનમાં જ હતી. આજે લોકોમાં સુધારો આવ્યો છે. શિક્ષણ વધ્યું છે પણ કંઇક ખૂટે છે. તેની શંકા લેખકને છે. તે શું છે?

આ ખુટતી કડીને જોડી આપવાનું કામ લેખકે જીવનના પ્રસંગોને રેખાચિત્રો રૂપે આલેખીને કર્યું છે તેવા એક સુંદર મજાના નાનકડાં, રૂપકડાં પુસ્તકની વાત આજે મારે તમને કરવી છે.

'ઓગન' શિર્ષક વાળા પુસ્તકમાંથી પસાર થતાં કુલ - ૧૩ જેટલાં સુંદર રેખાચિત્રો આપણને મળે છે. જે દરેક પ્રસંગોને લેખકે પોતાની આગવી શૈલીથી જીવંત બનાવ્યા - જે પ્રયત્ન કર્યો છે. તેમાં તે સફળ રહ્યા છે અને તેને વાંચનાર વાચકને લાગ્યા વિના રહેતું નથી. રેખા ચિત્રોમાં દરિદ્ર, ચોંઘાસી, દીકરી, કમુ, પ્રાયશ્ચિત, તર્પણ, સળગી ગયેલા સંબંધો મારું દેહદાન, પાપી, વમળ, પ્રેમ અને જન્મ દિવસ જેવાં શિર્ષકો આપણને મળે છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં નર્યું નીતર્યું ગંગાજળ' કહીને રેખાચિત્રોની ઓળખ આપનાર આપણા વરિષ્ઠ સાહિત્યકાર ડો. કેશુભાઇ દેસાઇ માંગલિક ચિત્રોની મહેફિલ સજાવી બેઠેલા લેખક માટે ખાસ નોંધે છે કે "કોઇ કલ્પનાના ઘોડા દોડાવ્યા વિના જાત અનુભવથી વાતો જ લેખકે અહીં કંડારી છે. નિરાંતે ગોઠડી માંડીને એમને જિંદગીના અણમોલ અનુભવોની લહાણી કરી છે. અહીં નાના માણસમાં છુપાયેલી મોટાઇની વાતો છે. તો વળી અભણ ઘરડેરાંની આગવી કોઠાસૂઝના દૃષ્ટોત પણ છે. માણસ ધારે તો એની જિંદગીને અનોખા અવસરમાં પલટી શકે. ઇશ્વરે એને એટલી સમજણ અને લાગણીની સંપદા સાથે આ ધરતી પર મોકલ્યો છે. એ સ્વ વિવેકથી પોતાની હયાતીમાં જ મોક્ષ અને સ્વર્ગ મેળવી શકે છે. એવી સિદ્ધિ હાંસલ કરવા માટે એને કોઇ તપ તપવાની કે શાસ્ત્રો ભણવાની પણ જરૂર નથી. બધું એની અંદર પડેલું છે. એણે ખુદને ખોળી કાઢવા માટે ખુદનું જ ખોદકામ કરવાની જરૂર છે." આ ખજાનો લેખકે શોધી કાઢયો છે અને તે જીવનના અર્ક રૂપે વાચક સમક્ષ ધરી દીધો છે.



અહીં છે જીવતાં જાગતાં હાલતાં ચાલતાં હાડમાંસના ચરિત્રો ચિતરાયાં છે. તે મારા તમારા જેવા સામાન્ય માણસને પરમાત્માએ સોંપેલી મોંઘેરી મિરાત સમાં છે. લેખકની કેળવાયેલી આંખ તેને ઓળખી શકી તે આનંદની વાત છે. નહીંતર આપણા પરિવારમાં અને આસપાસ પર નાભિમાં અમીકુંપો સંતાડીને ફરતાં આવાં જ મીણ માટીનાં માણસૂડાં નો મેળો જામેલા હોવા છતાં આપણે ભૌતિકવાદના પડળ બાઝ્યાં હોવાથી એવાં ધૂળની ઢગલીઓમાં રગદોળામાં રતન કચરાપુંજામાં વાળી નાંખીએ છીએ. અને પછી બધું બગડી ગયું હોવાની આરણ્ય રૂદન કરતાં હોઇએ છીએ. સંસ્કાર શિક્ષણની મસમોટી ગુલબાંગો પોકારતા સારસ્વતો અને લોકોની આંખમાં સપનાં આંજી નાંખતા નેતાઓના ઘોંઘાટમાં તંબૂરનો ઝીણો સૂર સાંભળવા માટે કાન સરવા કરવા પડે એવી સ્થિતિ છે.

અહીં કૃષિકારનો ઋષિ સ્વર છે અને નાભિમાંથી ફૂટ્યો છે. શબ્દને બ્રહ્મ કહ્યો છે. એ કોઇ પંડિતોની પોથીમાં સમાઇ જવા કરતાં આવા આચરણપૂત કૃષિકારની કલમે કોળી ઉઠે ત્યારે વિશેષ સાર્થકતા પામે છે. સંગ્રહનાં બધાં જ રેખાચિત્રો નોખાં-અનોખાં અને તદ્દન મૌલિક છે. અહીં સ્વામી આનંદની જેમ લેખકે શબ્દના સાચા અર્થમાં ધરતીની જ આરતી ઉતારી છે. વળી રેખાચિત્ર કે સ્મરણ ચિંત્ર જેવા સાહિત્ય પ્રકાર વિશે પણ લેખકને કશો શાસ્ત્રીય ખ્યાલ ન હોઇ આ અલ્પજ્ઞતા લેખકને ફળી છે. એથી એમણે સીધેસીધું જેવું લાગ્યું તેવું લખ્યું છે. શબ્દના કેમેરા વડે સ્વજનથી લઇ જીવનની વાટે અલપઝલ સાથે થઇ ગયેલા માનવીઓની છબી પાડી દીધી છે. એથી જે પરિણામ સાંપડ્યું છે તે નર્યું નિતર્યું ગંગાજળ છે તે વાતની પ્રતીતિ વાચકને થયા વિના રહેતી નથી.

લેખકે જિંદગી જીવવાનો કસબ અને કળા હસ્તગત કરેલ છે. જીવન એક યાત્રા છે એમાં કોણ, ક્યારે, કયે સ્વરૂપે સાથે થઇ જશે અને ક્યારે તેનો સાથ છૂટી જશે એ નિશ્ચિત નથી. ત્યારે જીવનનાં જે કંઇ મેળવ્યું તેનો સંગ્રહ કરી રાખવાને બદલે 'ઓગન' એટલે નિકાસની વ્યવસ્થા હોવી જોઇએ તે વાત લેખકે એક પ્રસંગ રૂપે ભલે તેના દીકરાઓને સમજાવી હોય પણ તે છેવટે તો સમગ્ર માનવ સમાજને દિશા ચિંધનારી છે. ચોમાસું હવે નેજીકમાં છે અનરાધાર વરસાદ વરસી પડતાં ડેમો છલકાવા લાગે છે. જેમ જેમ ડેમમાં પાણી વધતું જાય તેમ તેમ 'ઓગન' દરવાજા ખોલાતા રહે તો ડેમમાં પાણી સમપ્રાણ રહે. પણ જે ડેમમાં ઓગન ન હોય અથવા ડેમનો રખેવાળ સમય સમય પર ઓગન ન ખોલે તો ડેમ તૂટી જાય છે અને ડેમની આજુબાજુ રહેતા સૌ બદબાદ થઇ જાય છે. જેથી જીવનમાં એવી વ્યવસ્થા ગોઠવવાની વાત અહીં કરવામાં આવી છે કે ક્યારેય ડેમ તૂટવાની નોબત જ ન આવે. કેમ કે તેથી જ તો આપણા ધર્મશાસ્ત્રો એ ધર્મ કરવાની સૂચના આપી છે. આપણી પાસે હોય તેમાથી બીજાને મદદ કરવી અન`આપણી પાસે જે સંપત્તિ આવે એમાંથી બીજાને મદદ કરવાથી લક્ષ્મી ખુશ રહે છે તે ઉપદેશાત્મક વાત દેવચંદ શેઠની પેઢીની વાત સાથે સાંકળીને મોરબીના ડેમનો દાખલો આપી લેખકે ખુબ જ સરસ રીતે સમજાવી છે.

'ઓગન' પુસ્તકના લેખક હંસરાજ ભાઇ સાંખલા હિંમતનગરમાં વસતા એક સચ્ચરિત્ર માનવ છે. તેમના પ્રથમ પુસ્તક 'સમાજ ભક્તિની ત્સુનામી'ને સારો આવકાર મળતાં 'જીવનની મહેંક' અને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' આલેખ્યાં બાદ 'ઓગન' તેમનું ચોથું પુસ્તક છે. જેનું પ્રકાશન ડો. સ્વામી ગૌરાંગ દેવ શ્રી રાધાગોવિન્દ દેવ ધામ હિંમતનગર તરફથી અરવલ્લી પ્રકાશનના નેજા હેઠળ થયું છે.

આ પ્રસંગે 'ઓગન' પુસ્તકના લેખક હંસરાજભાઇ સાંખલા અને પ્રકાશન સંસ્થા અરવલ્લી પ્રકાશનને સંસ્કાર પોષક અને પ્રેરણાત્મક રેખાચિત્રોના આવા સુંદર લેખન પ્રકાશન બદલ ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

'ઓગન' (ચરિત્ર નિબંધો)
લેખક - હંસરાજભાઇ સાંખલા
પ્રકાશક - અરાવલી પ્રકાશન
શ્રી રાધાગોવિન્દ દેવ ધામ, પો. બો. નં.૧૧, હિંમતનગર
પૃષ્ઠ, મૂલ્ય રૂા. ૮૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

મહિલાના કાર્યની પ્રશંસા કરવાથી તેમનો તેમના કાર્ય પ્રત્યેનો રસ જળવાઇ રહેશે

હંમેશા તમને આપવામાં આવતા કાર્ય માટે હા બોલતા શીખો, આથી તમને પોતાનામાં વિશ્વાસ વધશે

હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

વ્યવસાયિક જીવનમાં મહિલાને તમામ કાર્યની સોંપણી કરવામાં આવે છે અને આ આ કાર્યને તે સમયસર પૂરું પણ કરતી જ હોય છે. મહિલાના પર્ફોર્મન્સ માટે તેના કૌશલ્ય અને કાર્યસંતોષનું સ્તર ઊંચુ હોવું આવશ્યક છે, પરંતુ મુખ્ય પ્રશ્ન એ છે કે શું તેઓ જે કાર્ય કરે છે. તેમાં તેમને ખરેખર રસ છે ખરો ? પોતાના કામમાં રસ જળવાઇ રહે તો જ તેનું કૌશલ્ય ખીલી ઊઠતું હોય છે અને તે નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવતી રહે છે.

મહિલાઓનો કાર્યમાં રસ જળવાય રહે એ માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવે એ જરૂરી છે. કાર્યસંતોષની વાત કરીએ તો તેમને પોતાના કામનાં બદલામાં મહિનાને અંતે મળી જતાં પગાર સાથે જ માત્ર લેવાદેવા હોતી નથી, પણ તે જે કામ કરતી હોય તેમાં તેને મજા આવે, સંતોષ મળે એ પણ એટલું જ જરૂરી છે. કાર્યસંતોષ ત્યારે જ મળે જયારે તેને અહેસાસ થાય કે તે સારું કાર્ય કરી રહી છે. પણ પોતે સારું કાર્ય કરે છે તેની ખાતરી ક્યારે થાય? સ્વાભાવિક છે કે જયારે તેના કાર્યની પ્રસંસા થાય ત્યારે. મહિલાઓ કાર્ય કરે છે ત્યારે તે માત્ર પોતાની જવાબદારી સમજીને કાર્ય કરે છે. પરંતુ જયારે તે કાર્ય રસ લીધા વિના કરે ત્યારે તે માત્ર કાર્ય અંગેના વળતર ઉપર આધારિત રહે છે. આ પરિસ્થિતિમાં તે પોતાની આવડત અને કંપનીનો સમય વેડફે છે. તેમનો ખરો રસ જાણવો ખુબ જ જરૂરી છે. જો પોતાના જ કાર્યમાં કંટાળો અનુભવશે તો તેણે કરેલા કાર્યમાં પણ વિશિષ્ટતા જોવા મળશે નહીં. પરિણામે તેમનું માત્ર કાર્ય કરવું જરૂરી નથી પરંતુ કાર્યમાં રસ પણ હોવો જોઇએ. આ માટે કેટલાક પરિબળોનું ધ્યાન તમે દોરી શકો.

વ્યવસાયિક સ્ત્રીના કાર્ય અંગેનો રસ દાખવવો એ એક માનસિક વૃત્તિ છે. જે માત્ર તેમના વર્તન ઉપર જ આધારિત હોય છે. જયારે અન્ય પ્રયત્નો દ્વારા પણ પોતાના કાર્ય અંગે રસ દર્શાવી શકાય. એટલે કે જો તેમના કાર્યને વખાણવામાં આવે ત્યારે તેમની પોતાની કાર્ય તથા કંપની પ્રત્યેની લોયલ્ટીમાં પણ વધારો થાય છે.

મહિલાના કાર્યની પ્રશંસા કરવાથી તેમનો તેમના કાર્ય પ્રત્યેનો રસ જળવાઇ રહેશે. આવા અનેક વિકલ્પોનો મેનેજરે વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જરૂરી છે. કોઇ પણ પ્રકારના કાર્ય પ્રત્યે અણગમો હોય તો મેનેજરે આ પરિસ્થિતિમાં તે કાર્ય માટેની વ્યવસ્થા બદલી નાંખવી જોઇએ. તેમને પોતાના કાર્યમાં જ લીડરશીપ આપી તેમને તેમના કાર્યનું મહત્ત્વ સમજાવવું જોઇએ, તેમના પગાર-ભથ્થામાં સમયસર વધારો થવો જોઇએ. તેમને જરૂરી અને રસ વધશે. વિવિધ રીતે પ્રવાસપ્રવૃત્તિ, પિકનિક તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જોડાઇને પણ પોતાની પ્રવૃત્તિ અંગે વધુ કાર્યશીલ બનાવી શકાય.

કાર્યમાં આનંદ મેળવવાની માટેની ટીપ્સ

- તમારા દરેક કાર્ય માટે એક ચોક્કસ સમય ફાળવી દો અને ત્યારબાદ કાર્ય કરો, જેથી તમારું કાર્ય સમયસર પૂર્ણ થઇ શકે.
- તમારા તમામ કાર્યો પર ધ્યાન રાખો, જેથી કોઇ પણ કાર્ય તમારા હાથમાંથી છૂટશે નહીં.
- તમારી તમામ અપેક્ષાને પ્રથમ જાણો અને તે તમારા ઉપરી અધિકારીને પહેલેથી જ જણાવો.
- કાર્યસ્થળે નિયમિત વિરામ લો, જેથી તમે કામના કંટાળાને દૂર કરી ફ્રેશ થવાનો સમય મેળવી શકો.
- કાર્ય દરમિયાન થઇ શકે તેવું આનંદ માટેનું જોડાણ કરી લો જેમ કે, મંચિગ.
- માત્ર કાર્ય કરતા રહો એ જરૂરી નથી, પરંતુ આ કાર્યમાં થોડા થોડા સમય બાદ રિલેક્સેશન પણ ખૂબ જરૂરી છે.
- તમારા વર્કપ્લેસને વધારે આનંદમયી બનાવો, જેથી તમે તમારા કાર્ય પ્રત્યે આકર્ષિત થઇ શકો.
- ઘરે જતાં પહેલાં તમે તમારા વર્કિંગ ડે નો રિવ્યુ લો. જેથી તમને તમારી આવડત ખબર પડશે.
- હંમેશા તમને આપવામાં આવતા કાર્ય માટે હા બોલતા શીખો, આથી તમને પોતાનામાં વિશ્વાસ વધશે.
- તમારા કાર્યમાં થોડું ફન એડ કરો, જેથી તમે કંટાળાથી બચી શકશો.
- તમારા સેન્સ ઓફ હ્યુમરને ટકાવી રાખો અને હંમેશા બેસ્ટ વર્કર બનવાનો પ્રયત્ન કરો.

ઇશ્વરે બક્ષેલા આ અમૂલ્ય જીવનનો ફેરો નિરર્થક ના જાય તે જોજો

મનનો મેલ ચેતનાનો સમય

પ્રો. ઇન્દુલાલ ભટ્ટ

દિનકર શાહ રચિત સો કાવ્યોના સંપુટમાંથી એક સમજવા જેવું કાવ્યજોવા મળ્યું. કાવ્યનું મથાળું છે. "મનનો મેલ" કવિક્ષીના શબ્દોમાં કહીએ તો,

"તન ધોયું ને કપડાં ધોયાં મેલ મનનો ના જાય,
યુગ વિત્યાને મેલ જ મનને અંદર અંદર ખાય,
નિરર્થક ફેરો જગમાં જાય.
ફર્યાં તીરથ કંઇ મથુરા, કાશી કર્યું ગંગામાં સ્થાન,
ભક્તિ પદારથ અમૂલ રત્નનું તદાપી ના આવ્યું જ્ઞાન
કીધો અધમ વ્યવહાર, નિરર્થક ફેરે જગમાં જાય.
કરી મૂડી સંચિત અવગુણમાં ડૂબ્યો હું અપરંપાર
મન આ કાજળ ઘેરું તો કિયે રે જલ ધોવાય
નિરર્થક ફેરો જગમાં જાય."

ઇશ્વરે માનવીને આ અમૂલ્ય એવું જીવન રાખ્યું છે. પણ માનવી આજે અમૂલ્ય એવા જીવનને ખોટા માર્ગે જીવીને ઇશ્વરે આપેલો આ ફેરો નિરર્થક બનાવે છે. માનવીએ કરેલાં પાપોનો મેલ ગમે તે કરો છતાં ધોઇ શકાતો નથી. શરીર ધોયું કપડાં ધોયાં પણ મનના મેલને ધોઇ શકાતો નથી. આવા પાપો રૂપી મેલ તન મનમાં વરસો સુધી જમા થતો રહે છે પછી તો આ એકઠો થયેલો મેલ જ મનને કોરી ખાય છે. પછી તો માનવી તીર્થયાત્રાએ જાય, મથુરા જાય, કાશીએ જઇ ગંગાસ્નાન કરે છતાં આ મેલ કદી ધોવાતો નથી.

તીર્થયાત્રાઓ કરી, ભક્તિ કરી, પૂજાપાઠ કર્યા છતાં માનવીને જ્ઞાન આવ્યું નહીં. મુખમેં રામ ઔર બગલમાં છુરી એનાં જેવું ભક્તિ કરતાં જાય અને પાપ કરતાં જાય એને મેલ એકઠો કરતાં જાય. આખી જિંદગી ખૂબ કમાણા સંપત્તિ એકઠી કરીને પછી માનવી અવગુણમાં રચ્યોપચ્યો રહે છે અને મેલ ભેગો કરે છે. મનમાં એકઠો કરેલો કાળો ભમ્મર પાપરૂપી મેલ કોઇ પણ નદીના પાણીથી કે ગંગામાં ડૂબકી મરીને ધોઇ શકાતો નથી. કવિશ્રીએ આ કાવ્ય દ્વારા એવો સંદેશો આપવાનો પ્રયત્ન કર્યો છે કે ઇશ્વરે આપેલી આ અમૂલ્ય એવી જિંદગીને જીવવા જેવી બનાવો. જીંદગીને સુંદર રીતે જીવો. જીંદગીમાં ખોટા અધમકૃત્યો કરી, પાપો કરી, છેતરપીંડી કરી, ખોટું બોલી, ખોટા માર્ગે સંપત્તિ એકઠી કરી, કોઇનું શોષણ કરી અન્યાય કરી મનને મેલું ના બનાવો મનમાં એકઠા થયેલા મેલને ગંગાસ્થાન કરવાથી પણ દૂર કરી શકાશે નહીં. તીર્થયાત્રાએ કરવાથી દૂર કર શકાશે નહીં.

પૂણ્ય ના થાય તો વાંધો નહિં પણ પાપો ના કરો. જિંદગીનો આ અમૂલ્ય એવે ફેરો નકામો ના જાય તે માટે કવિશ્રીએ ચેતનાનો સંદેશો આપ્યો છે.